માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા વિકાસ અંગે આદરણીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબ માગણી ક્રમાંક ૬૫ લઇને આ સન્માનનીય ગૃહ સમક્ષ ઉપસ્થિત થયા છે, તેને હું મારુ સમર્થન આપું છું.

મધ્યપ્રદેશના અમરકંટકમાંથી નિકળતી મા રેવા યાને મા નર્મદા દેશના પશ્ચિમ વિસ્તારમાં વહેનાર સૌથી લાંબી અને મધ્યપ્રદેશ તથા ગુજરાતની સૌથી મોટી, સૌથી વિપુલ પાણીનો જથ્થો ધરાવતી સમૃધ્ધ બારમાસી નદી નમામી દેવી નર્મદા અને તેના ઉપર બંધાયેલ સરદાર સરોવર નર્મદા યોજના- રાજયના માનવ, પશુધન અને ધ્વારકાધિશની ભૂમિ ગુજરાતની તરસ છીપાવતી અને રાજયને સમૃધ્ધિ અપાવનાર અતિ મહત્વની વિકાસશીલ આંતરરાજય બહુહેતુક યોજના છે.

માનનીય અધ્યક્ષશ્રી, આઝાદી પહેલાં રાષ્ટ્રના લોખંડી પુરુષ સરદાર સાહેબે, નર્મદા યોજનાની રૂપરેખાનો વિચાર સને ૧૯૪૬ માં રજૂ કર્યો હતો. તા. ૫-એપ્રિલ, ૧૯૬૧ ના રોજ આ યોજનાનું ખાતમૂર્હુત થયું હતું. માનનીય અધ્યક્ષશ્રી તે વખતની કેન્દ્રીય સરકારની નેતાગીરીની ગુજરાત પ્રત્યેની ભેદભાવવાળી નીતિના કારણે નર્મદા યોજનાના અમલીકરણમાં અનેક દસકાનો વધારે સમય વ્યતિત થયો છે. ચાર રાજયો વચ્ચે પાણીની વહેંચણી અને નર્મદા બંધની ઉંચાઇ નકકી કરવા માટે રચાયેલા નર્મદા જળ વિવાદ પંચે, માનનીય વડાપ્રધાન સ્વર્ગસ્થશ્રી મોરારજીભાઇ દેસાઇની સરકારમાં સને ૧૯૭૯ માં ચુકાદો આપતાં, નર્મદા યોજનાનું કામ શરુ થઇ શકયું હતું. ત્યારબાદ ગુજરાત વિરોધી માનસિકતા ધરાવતા નર્મદા વિરોધીઓને કારણે બંધની ઉંચાઇ વધારવાની મંજુરીઓ ટુકડે-ટુકડે મળતી ગઇ અને તેમાં પણ વર્ષો વિતી ગયા.

માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રના ઈતિહાસની એ અભૂતપુર્વ ઘટના છે કે, દેશની બહુહેતુક યોજના માટે કોઇ રાજયના મુખ્યમંત્રીશ્રીએ કેન્દ્ર સરકાર સામે ઉપવાસ આંદોલન કરવું પડયું હોય. રાજ્યની પ્રજાની જીવાદોરી સમાન સરદાર સરોવરની બહુહેતુક યોજનાના અમલીકરણ અને મંજુરીઓ માટે વર્ષ ૨૦૦૬ માં તત્કાલિન મુખ્યમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે સરદાર બંધની ઉંચાઇ વધારવા કેન્દ્ર સામે ઉપવાસ આંદોલન કર્યુ હતું અને તેમાં ગુજરાતની પ્રજાની લાગણીનો વિજય થયો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ વર્ષના બજેટમાં જળસંપત્તિ પ્રભાગ માટે રૂ. ૧૧,૫૩૫ કરોડ, સરદાર સરોવર માટે રૂ. ૪૭૯૮ કરોડ, પાણી પુરવઠા માટે રુ. ૬૨૪૨ કરોડ અને સૂક્ષ્મ સિંચાઇ માટે ૨૫૦૦ કરોડની જોગવાઇ કરવા બદલ આ સરકારને અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી નર્મદા બંધની ઉંચાઇનું કામ ૧૨૧.૯૦ મિટર પૂર્ણ થયેલ હતું અને સને ૨૦૧૪ માં દ્રઢ રાજકીય ઈચ્છાશક્તિ અને નિર્ણયશક્તિ તથા અસાધારણ કુનેહ અને દિર્ઘદ્રષ્ટિ ધરાવતા માનનીય શ્રી નરેન્દ્રભાઇ દિલ્હીના તખ્ત ઉપર બિરાજતાંની સાથે જ ફક્ત ૧૭ દિવસમાં જ, ૧૨ જુન, ૨૦૧૪ના રોજ બંધની ઉંચાઇ વધારીને ૧૩૮.૬૮ મીટર સુધી લઈ જવા મંજુરી આપી હતી. આ કામગીરી ગુજરાત સરકારે ૯ માસ પહેલાં પૂર્ણ કરી હતી. ત્યારબાદ નર્મદા કંટ્રોલ ઓથોરીટી ધ્વારા નર્મદા ડેમના દરવાજા માટેની મંજુરી આપતાં, આ કામગીરી પૂર્ણ કરવામાં આવી છે, જે રાજયની ભારતીય જનતા પાર્ટીની કામ કરતી સરકારની પ્રતિતિ કરાવે છે.

આમ બંધમાં, પાણીની સંગ્રહ ક્ષમતા ૪.૭૪ મિલિયન એકર ફુટ થઈ છે. એટલે જળસંગ્રહ ક્ષમતામાં ૩.૭૫ ગણો વધારો થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા મુખ્ય નહેરની સાંકળ ૩૮૫.૮૧ કિ.મી. છે, જેમાંથી બનાસકાંઠા જીલ્લાના સલીમગઢ ગામેથી કચ્છ માટે નહેર શાખા નીકળે છે, તે નર્મદા યોજનાની કૂલ ૩૮ શાખાઓમાં સૌથી લાંબી નહેર છે.

આ બહુહેતુક યોજના પૂર્ણ થતાં, રાજ્યના ૧૦ હજાર ગામો અને શહેરોને ઘર વપરાશ માટે પાણી પુરુ પાડવામાં આવે છે. સરદાર સરોવર ડેમ અને કેનાલ પર ૧૪૫૦ મેગાવોટની કુલ સ્થાપિત ક્ષમતાવાળા બે જળવિધ્યુત મથકો કાર્યરત છે. માનનીય અધ્યક્ષશ્રી, જાન્યુઆરી-૨૦૨૪ સુધીમાં કૂલ-૫૯૫૫ કરોડ યુનિટ વીજ ઉત્પાદન કરવામાં આવેલ છે અને તેનો બજાર ભાવ પ્રતિ યુનિટે રૂ. ૪ લેખે ગણતાં અંદાજે રૂ. ૨૩,૮૨૦/ કરોડની આવક પણ થયેલ ગણાય.

માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રી અને આ સભાગૃહના સન્માનનીય સભ્યો એ વાતથી સુવિદિત છે કે, ઉત્તર ગુજરાતમાં ભુગર્ભ જળ દર વર્ષે ૩ થી ૪ મીટર જેટલા નીચા જતા હતા. આ સ્થિતિ ચાલુ રહે તો, ભવિષ્યમાં આ વિસ્તારની ૨ કરોડથી વધુ જનતાને પાણી વિના હિજરત કરવી પડશે, તેવી આગોતરી દિર્ઘદ્રષ્ટિ ધરાવતા માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ભવિષ્યમાં ઉભી થનાર  સમસ્યાના ઉકેલ માટે સુજલામ સુફલામ સ્પ્રેન્ડીંગ કેનાલ યુધ્ધના ધોરણે અમલમાં મૂકી કામગીરી પૂર્ણ કરેલ છે અને તેમાં મા નર્મદાના નીર વહેવડાવવા  બદલ આ રાજયની પ્રજા આદરણીયશ્રી નરેન્દ્રભાઇનો ઉપકાર કયારે પણ ભૂલી શકે તેમ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૪ પાઇપ લાઇનો ધ્વારા ચોમાસાના પૂરનું વધારાનુ વહી જતુ પાણી ઉત્તર ગુજરાત સહિત રાજયના અન્ય વિસ્તારોમાં પહોંચાડવાનું આયોજન કરવામાં આવેલ છે. ૮૮૪.૦૨ કિ.મી. લંબાઇની ૧૨ પાઇપ લાઇનો તેમજ ૩૨ પમ્પીંગ સ્ટેશનોના કામ પૂર્ણ કરવામાં આવેલ છે. જેના પરિણામે ઉત્તર ગુજરાતના ૪૪૦ ગામડાના ૭૪૨ તળાવો થકી ૯૨,૨૦૦ હેકટર વિસ્તારને  પ્રત્યક્ષ તથા પરોક્ષ રીતે સિંચાઇનો લાભ થયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી,

ભારત દેશના ગૃહ અને સહકારીતા મંત્રીશ્રી અમારા માણસાના સુપુત્ર અમિતભાઇ શાહ સાહેબ, માન. મુખ્યમંત્રીશ્રી – ભૂપેંદ્રભાઇ પટેલ સાહેબ અને સિંચાઇ મંત્રીશ્રી કુવરજીભાઇ બાવળીયા સાહેબનો માણસા વિસ્તારની સૌ જનતા ખૂબ ખૂબ આભાર માને છે.

શ્રી જયંતીભાઈ પટેલ, ૩૭ - માણસા

તા. ૧૩/૦૨/૨૦૨૪ ના રોજ હાથ ધરાનાર વર્ષ ૨૦૨૪-૨૦૨૫ ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પરની ચર્ચા :-

માગણી નં.૬૫

માન. ધારાસભ્યશ્રી :- શ્રી

==========================================================================

સરદાર સરોવર નર્મદા યોજના અંતર્ગત કચ્છ વિસ્તારને લાભો

માનનીય અધ્યક્ષશ્રી,

- નર્મદા યોજના ગુજરાતની જીવાદોરી છે. ગુજરાત રાજ્યના ૧૭ જીલ્લાના ૭૮ તાલુકામાં ૩,૧૭૭ ગામોને આ યોજના થકી ૧૭.૯૨ લાખ હેકટર વિસ્તારમાં સિંચાઇની સગવડ પુરી પાડવામાં આવનાર છે.
- સરદાર સરોવર યોજનામાં નહેર માળખાના ૬૯,૪૯૭ કિ.મી. લંબાઇના વિશાળ કામો કરવાના થતા હતા. જેમાં આશરે ૫૨,૦૦૦ હેકટર થી પણ વધુ ખાનગી જમીન, ૫,૮૦૦ હેકટર થી વધુ સરકારી જમીન અને ૬૭૫ હેકટર થી વધુ જંગલખાતાની જમીન સંપાદન કરવાની થતી હતી. તેમજ વિવિધ પ્રકારની નહેરોને ક્રોસ થતા રેલ્વે, રસ્તાઓ, ગેસ/ઓઇલ પાઇપ લાઇન, ટેલિફોન/ઇલેક્ટ્રીક લાઇન વિગેરેની સંબંધિત વિભાગોની મંજુરી મેળવવાની રહેતી હતી.
- આમ, નહેર માળખાના કામોની કામગીરીનો ખુબ મોટો વ્યાપ હોવા છતાં રાજ્ય સરકાર દ્વારા સમયસર શ્રેણીબધ્ધ પગલાઓ લેવાના કારણે જાન્યુઆરી - ૨૦૨૪ ની સ્થિતિએ નીચે મુજબના કામો પૂર્ણ થયેલ છે.

* મુખ્ય નહેર નું બાંધકામ વર્ષ ૨૦૦૮ માં પૂર્ણ થયેલ છે.
* કુલ ૩૮ શાખા નહેરો નીકળે છે. તમામ શાખા નહેરો પૂર્ણ થયેલ છે.
* વિશાખા નહેરો (ડીસ્ટરીબ્યુટરી)નું બાંધકામ મોટા ભાગનું પૂર્ણ થયેલ છે. ટકાવારીની દ્રષ્ટીએ વિશાખા નહેરોનું ૯૬% કામ પૂર્ણ થયેલ છે.
* પ્રશાખા (માઇનોર) નહેરોની કામગીરી મહદ અંશે પૂર્ણ થયેલ છે. ટકાવારીની દ્રષ્ટીએ ૯૩% ટકા કામ પૂર્ણ થયેલ છે.
* જ્યારે પ્ર-પ્રશાખા (સબ માઇનોર) નહેરોની કામગીરી ૯૦% પૂર્ણ થયેલ છે.
* એકંદરે ૬૩,૭૭૩ કિ.મી. લંબાઇનું નહેર માળખાનું કામ પૂર્ણ થયેલ છે. જેનો લાભ યોજનાના પિયત વિસ્તારના ખેડૂતોને મળી રહેલ છે. હાલની પરિસ્થિતિ મુજબ કુલ ૧૭.૯૨ લાખ હેકટર સિંચાઇ ક્ષમતા પૈકી પ્રશાખા નહેરો (માઇનોર નહેર) સુધીની ૧૭.૨૧ લાખ હેકટર સિંચાઇક્ષમતા ઉત્પાદિત થયેલ છે અને પ્ર-પ્રશાખા (સબ માઇનોર) સુધીની ૧૫.૫૩ લાખ હેકટરના વિસ્તાર વિકાસના કામો પૂર્ણ થયેલ છે.
* ભૌગોલિક દૃષ્ટિએ કચ્છ જિલ્લો રાજ્યમાં સૌથી મોટો જિલ્લો છે. રાજ્યના કુલ વિસ્તારના અંદાજે ૨૫% વિસ્તાર કચ્છ જિલ્લાનો છે. પરંતુ, કચ્છમાં અડધાથી વધારે રણ અને વેરાન વિસ્તાર છે. ઉનાળાની શરૂઆતમાં કચ્છમાંથી ખાસ કરીને માલધારીઓ અન્ય પ્રદેશમાં સ્થળાંતર કરતાં જોવા મળે છે અને કચ્છ વર્ષોથી પાણીની કારમી તંગીનો સામનો કરતું આવ્યું છે. આવી વિકટ પરિસ્થિતિને પડકાર આપવા અને કચ્છની ધરાની તરસ છીપાવવા સરકારશ્રીએ નર્મદા મૈયાનાં નીરથી કચ્છની ધરતીને પાવન કરવાનું સરાહનીય અને ભગીરથ કાર્ય કર્યું છે.

- નર્મદા મુખ્ય નહેરની સાંકળ ૩૮૫.૮૧ કિમી.થી બનાસકાંઠા જિલ્લાના સલીમગઢ ગામ પાસેથી કચ્છ શાખા નહેર નીકળે છે. જે નર્મદા યોજનાની તમામ ૩૮ શાખા નહેરોમાં સૌથી લાંબી છે. કચ્છ શાખાની કુલ લંબાઇ ૩૫૭ કી.મી છે. જે પૈકી સાંકળ ૮૨ કિમી. સુધી બનાસકાંઠા અને પાટણ જિલ્લામાંથી પસાર થઇ કચ્છ જિલ્લામાં પ્રવેશે છે.
- કચ્છ જિલ્લાના કુલ ૧૮૨ ગામોના ૧,૧૨,૭૭૮ હેક્ટર વિસ્તારને સિંચાઇનો લાભ આપવાનું આયોજન છે.
- કચ્છ જિલ્લામાં પ્રવેશતાં જમીન ચઢાવ વાળી હોઇ જુદી જુદી ત્રણ જગ્યાએ પમ્પીંગ સ્ટેશન બાંધવાનું આયોજન કરેલ છે .જેના થકી કુલ ૫૫.૧૪ મીટર એટલે કે ૧૮ માળ ઉંચાઇ સુધી પાણીનું ઉદ્વહન કરી નહેરમાં પાણી વહેવડાવવામાં આવે છે. આ ત્રણ પમ્પીંગ સ્ટેશનનું પ્રથમ અને બીજા તબક્કાનું વિસ્તરણનું કામ પણ પૂર્ણ થયેલ છે.
- કચ્છ જિલ્લામાં પીવાના પાણીની સમસ્યા દૂર કરવા આગોતરા આયોજનના ભાગ રૂપે સૌરાષ્ટ્ર શાખા નહેરની માળીયા શાખાની સાંકળ ૧૩૫ કિમી. ઉપરથી પમ્પીંગ કરી કચ્છ જિલ્લામાં પાઇપલાઇન મારફત ઘરવપરાશના હેતુસર પાણી પહોંચાડવાનું આયોજન અને અમલીકરણ કરેલ હતું. કચ્છમાં વિકાસ પામી રહેલા ઉદ્યોગોને પણ પાઇપલાઇન મારફત પાણી આપવામાં આવી રહેલ છે.
- કચ્છમાં આવેલ ટપ્પર તથા અન્ય જળાશયોને નર્મદાના પાણીથી ભરી ઉનાળામાં પીવાનું પાણી ઉપલબ્ધ કરવામાં આવેલ છે, જેનાથી કચ્છમાં પીવાના પાણીની સમસ્યા મહદ્અંશે દૂર થયેલી છે.

- કચ્છ શાખા નહેરના  વિતરણ પધ્ધતિની નહેરોનાં કામો પૂરજોશમાં ચાલી રહેલ છે, કામગીરીને વિઘ્નરૂપ થતા પ્રશ્નો જેવા કે, ફળાઉ ઝાડના ખેતરોમાં પાઇપ નાખવામા ખેડૂતોનો વિરોધ, રોડ-રસ્તા-રેલ્વે-ઓઈલ-ગેસ પાઈપલાઈન/ ઈલેક્ટ્રીક લાઈન વિગેરેના ક્રોસીંગ જંગલ ખાતાની સંપાદન કરવાની જમીન વગેરે જેવા પ્રશ્નોનો ઉકેલ લાવી વહેલી તકે કામો પૂર્ણ કરવા આ સરકાર પ્રયત્નશીલ અને કટિબધ્ધ છે.
- નર્મદા યોજનાની કચ્છ શાખા નહેરના બાંધકામ માટે માટીની જરૂરીયાત ઉભી થતાં શિણાય ડેમમાંથી ફક્ત ૮૭ દિવસમાં, ૯ લાખ ઘનમીટર માટીનું ખોદકામ કરી આ માટી કેનાલમા ઉપયોગ કરાતાં, કચ્છના શિણાય ડેમમાં અંદાજે ૧૦૦ કરોડ લીટર પાણીની સંગ્રહ શક્તિમાં વધારો થયો છે.
- કચ્છ શાખા નહેર ઘુડખર અભ્યારણ, કચ્છ ડેઝર્ટ વાઈલ્ડ લાઈફ સેન્ચ્યુરી તથા પ્રોટેક્ટેડ ફોરેસ્ટમાંથી પસાર થાય છે અને આ બધામાં પ્રાણીઓની હલન-ચલન, અવર-જવર નહેરની એક તરફથી બીજી તરફ સરળતાથી જઈ શકે તે માટે તેમજ તેમના માટે પીવાના પાણી માટે જરૂરી બાંધકામ કરવામાં આવેલ છે. જે સિંચાઈ યોજનાઓમાં અદ્વિતીય છે.
- કચ્છ જીલ્લામાં નર્મદાનું શુધ્ધ પાણી ૮૭૭ ગામો અને ૧૪ શહેરોને પૂરૂ પાડવામાં આવી રહેલ છે.
- નર્મદા નદીમાં ભારે પૂરની સ્થિતિમાં કચ્છને વધારાનું એક મિલીયન એકર ફીટ પાણી ઉપલબ્ધ કરાવવા જરૂરી બાંધકામ જળસંપત્તિ વિભાગ દ્વારા હાથ ધરાયેલ છે.

* કચ્છ શાખા નહેરની કુલ લંબાઇ ૩૫૭.૮૧ કિમી. છે.જે ઓગષ્ટ-૨૦૨૨માં પૂર્ણ થયેલ છે. નર્મદા ડેમથી આશરે, ૭૪૨ કિ.મી દુર માંડવી તાલુકાના મોડકુબા ગામ પાસે નર્મદાના પાણી પહોંચાડ્યા છે માન. વડાપ્રધાનશ્રીએ તા.૨૮/૦૮/૨૦૨૨ ના રોજ કચ્છ શાખા નહેરનું લોકાર્પણ કરેલ છે.
* ભૂતકાળમાં કચ્છ વિસ્તારમાં ઉનાળાની ઋતુમાં પશુધન અને માલધારીઓ સ્થળાંતર કરતાં હતાં. જે નર્મદાના પાણીના આગમનથી બંધ થયેલ છે.
* કચ્છમાં દુષ્કાળ હવે ભૂતકાળ બની ગયો છે.